ગુજરાતમિત્ર
ગતિવિધિ

# વડોદરામાં નવરાત્રિના નવમા નોરતે ગરબાની રમઝટ વચ્ચે યુવાધન હિલોળે ચઢ્યું




વડોદરામાં નવરાત્રિના નવમા નોરતે ગરબાની રમઝટ વચ્ચે યુવાધન હિલોળે ચઢ્યું હતું. પરંપરાગત પોશાકમાં સજ્જ યુવક-યુવતીઓએ તાલબદ્ધ ગરબા અને દાંડિયારાસની રમઝટ બોલાવી હતી. ઢોલ-નગારાંના તાલે ગરબાના મેદાનોમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ છવાયો હતો. શહેરનાં વિવિધ ગરબા આયોજનોમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડતાં નવરાત્રિનો રંગ વધુ જામ્યો હતો. ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતા ગરબામાં યુવાધને મન મૂકીને ભાગ લીધો હતો.

## વડોદરામાં બે લાખથી વધુ લોકોએ નશામુક્ત ભારતનો સંકલ્પ લીધો



વડોદરાઃ વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, વડોદરા મહાનગર દ્વારા વિકસિત ભારત, વિકસિત વડોદરા અને નશામુક્ત વડોદરાના સંકલ્પને આગળ વધારવા માટે હાથ ધરાયેલી પહેલમાં બે લાખથી વધુ નગરજનો જોડાયા હતા. ભાજપના મીડિયા વિભાગ દ્વારા જણાવ્યા અનુસાર, નવરાત્રિ દરમિયાન વડોદરા મહાનગરમાં આયોજિત 198 જેટલા નાના-મોટા ગરબા અને શેરી ગરબામાં યુવાનો, મહિલાઓ સહિત નગરજનોએ માં જગદંબાની આરાધનાની સાથે સ્વચ્છ ભારત, વિકસિત ભારત અને નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો હતો. આ અભિયાનમાં ભાજપના વડોદરા મહાનગર પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોની, વડોદરા લોકસભાના સાંસદ ડૉ. હેમાંગ જોશી, મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન વર્ષાબેન વ્યાસ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ ભાગ લીધો હતો.

## સૈન્ય કર્મચારીઓ-પરિવારજનોને રાહતદરે મળશે તબીબી સેવાઓ



વડોદરા : ભારતીય સેનાના કર્મચારીઓ અને તેમના પરિવારોને વધુ સારી આરોગ્યસેવાઓ પૂરી પાડવાના હેતુથી EME સ્કૂલ, વડોદરા દ્વારા સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો છે. FICCI FLO, વડોદરાના સહયોગથી સાકાર થયેલી આ પહેલ અંતર્ગત પાત્ર સૈન્ય કર્મચારીઓ અને તેમના આશ્રિતોને વિશેષ તબીબી પરામર્શ, અદ્યતન નિદાન અને વિવિધ સારવાર સુવિધાઓ ઉપલબ્ધ થશે. MoU પર હસ્તાક્ષર પ્રસંગે EME સ્કૂલના મેજર જનરલ મોહિત ગાંધી અને FICCI FLO, વડોદરાનાં સિનિયર વાઈસ ચેરપર્સન નેહા પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પહેલ હેઠળ નિષ્ણાત અને સુપર-સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોની સલાહ, લેબોરેટરી અને રેડિયોલોજી તપાસ, હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર, સર્જરી, ઈમરજન્સી સેવાઓ, પ્રસૂતિ સંભાળ તથા હૃદયરોગ સંબંધિત વિશેષ સારવારનો સમાવેશ થાય છે. કરાર અનુસાર, નિષ્ણાત ડૉક્ટરોની સલાહ નિર્ધારિત રાહત દરે મળશે, જ્યારે નિદાનલક્ષી તપાસો લાગુ પડતા સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમ (CGHS)ના નિર્ધારિત દરના 75 ટકા દરે ઉપલબ્ધ થશે.

## સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર ,દ્વારા 11000 દીવાની દિવ્ય ભવ્ય આરતી

વડોદરા : સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર,વડોદરા દ્વારા પરંપરા ભક્તિ અને ગરબાનો અનોખો ત્રિવેણી સંગમ કાર્યક્રમ તારીખ 21 ઓક્ટોબર બુધવાર સાંજના 6-30 કલાકે વિનસ ગરબા ગ્રાઉન્ડ રિલાયન્સ મોલ પાછળ ઓ.પી. રોડ વડોદરા ખાતે રાસોત્સવ ગરબા કાર્યક્રમ વય જૂથ પ્રમાણે ગરબા કોમ્પિટિશન ,મેગા લકી ડ્રૉ મહાપ્રસાદ નું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

### શાહરૂખ પઠાણને લોકોએ પકડીને મારમાર્યો

## યુનાઈટેડ વે ગરબાના પાર્કિંગમાં મોબાઈલ ચોર ઝડપાઈ ગયો



(પ્રતિનિધિ) વડોદરા તા.20
એક યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડના પાર્કિંગ વિસ્તારમાં મોબાઈલ ચોરીના આક્ષેપને પગલે ચકચાર મચી છે. વાહનની ડિકીમાંથી મોબાઈલ ચોરી કર્યાની આશંકામાં શાહરૂખ પઠાણ નામના શખ્સને લોકોએ પકડી પાડ્યો હોવાની માહિતી સામે આવી છે. સ્થાનિક લોકોએ શખ્સને પકડી માર માર્યા બાદ પોલીસને સોંપ્યો હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. નવરાત્રી દરમિયાન યુનાઈટેડ વેના ગરબા ગ્રાઉન્ડમાં દરરોજ મોટી સંખ્યામાં યુવતીઓ, યુવાનો અને ખેલૈયાઓ ગરબા રમવા માટે ઉમટી પડે છે. ત્યારે પાર્કિંગ વિસ્તારમાં વાહનોમાંથી મોબાઈલ સહિતની કિંમતી વસ્તુઓની ચોરી થવાની આશંકાએ સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે. ગરબા રમવા આવતા ખેલૈયાઓ પોતાના વાહનો પાર્ક કરીને ગ્રાઉન્ડમાં જતા હોય છે, ત્યારે પાર્કિંગ વિસ્તારમાં પૂરતી દેખરેખ રાખવી જરૂરી બની છે. બીજી તરફ, મોબાઈલ ચોરીના આક્ષેપમાં શખ્સને લોકોએ પકડી માર માર્યો હોવાની વાત સામે આવતાં કાયદો હાથમાં લેવાની ઘટનાને લઈને પણ સવાલો ઊભા થયા છે. જોકે, શાહરૂખ પઠાણ સામેના આક્ષેપોની સત્યતા, મોબાઈલ ચોરીની હકીકત અને મારામારી અંગેની સમગ્ર વિગતો પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. આ ઘટનાને પગલે ગરબા ગ્રાઉન્ડની સુરક્ષા વ્યવસ્થા પર સૌની નજર મંડાઈ છે.

### સુરક્ષાકર્મીઓએ મામલો થાળે પાડ્યો

## છેલ્લા દિવસે પણ નવલખીમાં બબાલ: ખેલૈયાઓ બાખડ્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
સંસ્કારી નગરી વડોદરામાં નવરાત્રીના છેલ્લા દિવસે પણ ગરબા ગ્રાઉન્ડમાં બબાલની ઘટના સામે આવી છે. શહેરના સૌથી પ્રખ્યાત નવલખી ગરબા ગ્રાઉન્ડ ખાતે અંતિમ દિવસે ગરબાની રમઝટ વચ્ચે ખેલૈયાઓના બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, નવરાત્રીના નવમા દિવસે નવલખી ગ્રાઉન્ડમાં હજારો ખેલૈયાઓ ગરબે ઘૂમી રહ્યા હતા. આ દરમિયાન સામાન્ય બાબતે બે જૂથો વચ્ચે અચાનક બોલાચાલી શરૂ થઈ હતી. જોતજોતામાં મામલો ઉગ્ર બનતા બંને પક્ષો વચ્ચે હાથાપાઈ સુધી વાત પહોંચી ગઈ હતી અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. આ સમગ્ર ઘટનાને ત્યાં હાજર અન્ય એક ખેલૈયાએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઘટના સમયે આસપાસ ગરબા રમી રહેલા ખેલૈયાઓમાં થોડી ક્ષણો માટે કુતૂહલ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, ઘટનાની જાણ થતાં જ ગ્રાઉન્ડ પર ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓ અને આયોજકોએ તાત્કાલિક દરમિયાનગીરી કરી મામલો થાળે પાડ્યો હતો અને બંને જૂથોને અલગ પાડી ગરબા પુનઃ શરૂ કરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે નવરાત્રી દરમિયાન વડોદરાના અનેક ગરબા ગ્રાઉન્ડ પર આવી નાની-મોટી બબાલની ઘટનાઓ સામે આવી હતી, ત્યારે છેલ્લા દિવસે પણ નવલખી જેવા પ્રતિષ્ઠિત ગ્રાઉન્ડ પર આવી ઘટના બનતા ચર્ચાનો વિષય બન્યો છે.

### ૧૩ મહિનાનું ભાડું ચૂકવવાનું બાકી

## સહકારનગર યોજનામાં ભાડાનો આર્થિક બોજ વધતાં વિવાદ




( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપીપી ધોરણે અમલમાં મૂકવામાં આવેલી તાંદળજા સ્થિત સહકારનગર આવાસ યોજના ફરી એકવાર વિવાદોના ઘેરાવામાં આવી છે. પ્રોજેક્ટમાં વિલંબ થવાના કારણે લાભાર્થીઓને મળવાપાત્ર ભાડાની બાકી રકમ અને જમીન ફાળવણીના પ્રશ્ને નવો વિવાદ સર્જાયો છે, જેને લઈને હવે કોર્પોરેશનની સામાન્ય સભા સમક્ષ નિર્ણય માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. તાંદળજા સહકારનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૪૪,૩૦૪ ચોરસ મીટર જમીન પર ૧૪૨૮ ઝૂંપડાવાસીઓ માટે પાકાં મકાનો અને ૭૮ દુકાનો નિર્માણ પામી રહી છે. આ યોજનાના પ્રત્યેક લાભાર્થીને મકાન ન મળે ત્યાં સુધી દર મહિને રૂ. ૨,૦૦૦ ભાડું ચૂકવવાનું નક્કી કરાયું હતું. વર્ષ ૨૦૧૬માં 'ટ્યુબ કન્સ્ટ્રક્શન એન્જિનિયર લિમિટેડ'નું રૂ. ૯૭.૨ કરોડનું ભાવપત્રક મંજૂર કરી ૧૮ મહિનાની મુદત અપાઈ હતી. તળાવ માટે ૭,૧૦૪ ચોરસ મીટર જગ્યા ખુલ્લી છોડવી પડી હતી. હાલ સ્થળ પર ૪૦ ટકાથી વધુ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જમીન ફાળવણી અને કાનૂની અડચણોના કારણે પ્રોજેક્ટ લંબાઈ જતાં ભાડાનો આર્થિક બોજ અત્યંત વધી ગયો છે. અગાઉ કોર્પોરેશને ૩૦ મહિનાનું રૂ. ૮.૫૬ કરોડ ભાડું ચૂકવ્યું હતું. જ્યારે ડેવલોપરે ૭૧ મહિનામાંથી ૫૮ મહિનાનું રૂ. ૧૬.૫૬ કરોડ ભાડું ચૂકવ્યું છે. પરંતુ હજુ પણ ૧૩ મહિનાનું રૂ. ૩.૭૧ કરોડ ભાડું ચૂકવવાનું બાકી છે.

### પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર સહિત પોલીસ કર્મીઓએ સુરક્ષાના શપથ લીધા

## પ્રતાપનગર હેડક્વાર્ટર ખાતે શસ્ત્રો, વાહનો અને ઘોડાઓની કરી વિધિવત પૂજા કરાઈ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
વિજયા દશમી એટલે કે દશેરાના પાવન પર્વ નિમિત્તે વડોદરાના પ્રતાપનગર સ્થિત પોલીસ હેડક્વાર્ટર ખાતે પરંપરાગત શસ્ત્ર પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા પોલીસના શસ્ત્રો ઉપરાંત સુરક્ષા કામગીરીમાં ઉપયોગમાં લેવાતા વાહનો અને ઘોડેસવાર દળના ઘોડાઓ સહિતના સાધનોની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પૂજા દરમિયાન પોલીસ અધિકારીઓ અને જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ શહેરની સુરક્ષા, શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે સતત સજ્જ રહીને ફરજ બજાવવાનો સંકલ્પ લીધો હતો. શહેર પોલીસ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, શહેરવાસીઓની સલામતી માટે વડોદરા પોલીસ સતત કાર્યરત છે. કોઈપણ પડકારજનક પરિસ્થિતિને પહોંચી વળવા માટે નોન-લીથલ, લેસ-લીથલ અને લીથલ સહિતના વિવિધ પ્રકારના પડકારોનો સામનો કરવા પોલીસ સજ્જ છે. આ પ્રસંગે પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં શાંતિ, સલામતી અને સુવ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરતો રહેશે.

### મહારાજા સમરજીતસિંહ ગાયકવાડે વૈદિક મંત્રોચ્ચાર સાથે કર્યું શાસ્ત્રોક્ત શસ્ત્ર પૂજન

## વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસમાં રાજવી પરિવારની પરંપરાગત શસ્ત્ર પૂજા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
સમગ્ર દેશમાં શૌર્ય અને વિજયના પ્રતીક એવા શસ્ત્રોનું પૂજન કરવાની પરંપરા છે, ત્યારે વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે રાજવી પરિવાર દ્વારા આ ઐતિહાસિક પરંપરાને આસ્થાપૂર્વક નિભાવવામાં આવી હતી. વિજયાદશમી એટલે અસત્ય પર સત્યના અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક. પ્રાચીન કાળથી ક્ષત્રિયો, સેના અને શાસકો આજના દિવસે પોતાના શસ્ત્રોનું પૂજન કરી વિજય પ્રાપ્તિની પ્રાર્થના કરતા હોય છે. વડોદરાનો ગાયકવાડ રાજપરિવાર પણ પોતાની આ ગૌરવશાળી અને ઐતિહાસિક પરંપરાને આજે પણ એટલી જ શ્રદ્ધા સાથે આગળ ધપાવી રહ્યો છે. આજે સવારે લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે રાજવી સમરજીતસિંહ ગાયકવાડ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પરંપરાગત શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. રાજપુરોહિતોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ઐતિહાસિક તલવારો, ભાલા, ઢાલ અને પ્રાચીન અગ્નિશસ્ત્રોની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શસ્ત્રો પર ચંદન, કંકુ, પુષ્પ અને અક્ષત અર્પણ કરી લોકકલ્યાણ, શાંતિ અને સમૃદ્ધિ માટે મંગલકામના કરવામાં આવી હતી. માન્યતા અનુસાર, દશેરાના દિવસે શસ્ત્રોનું પૂજન કરવાથી આત્મરક્ષા, સંરક્ષણ અને વિજયનું વરદાન પ્રાપ્ત થાય છે. વડોદરાના ગાયકવાડ શાસકોએ હંમેશા પ્રજાના રક્ષણ અને ન્યાય માટે શસ્ત્રો ધારણ કર્યા હતા.

## આકાશગંગા સોસાયટીમાં સંસ્કૃત ગરબા સાથે વૈદિક યજ્ઞ અને શક્તિ આરાધના



વડોદરા : વડોદરાની આકાશવાણી રેડિયો સ્ટેશન પાછળ આવેલી આકાશગંગા સોસાયટીમાં સંસ્કૃત ભારતી, વડોદરા શહેરના સંયોજક શ્રી સતીશભાઈ રબારીના માર્ગદર્શન હેઠળ સોસાયટીના સહયોગથી સંસ્કૃત ગરબા, દેવીપૂજન અને લોકકલ્યાણાર્થે વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કપિલદેવ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ વૈદિક મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિથી દેવીપૂજન અને યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યા હતા. સંસ્કૃત ગરબા ગીતો સાથે યોજાયેલા પરંપરાગત શેરી ગરબામાં સોસાયટીનાં આશરે ૧૫૦ પરિવારોના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દુર્ગાપૂજાના પાવન અવસરે મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનાં સ્વરૂપોનું આધ્યાત્મિક મહત્ત્વ સમજાવી ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા અને વૈદિક પરંપરાના સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સાંસ્કૃતિક જાગૃતિ અને સામાજિક એકતાનું પ્રેરક ઉદાહરણ બન્યો હતો.

### "વિન્ટેજ કોમ્યુનિટી સાચવવી પડશે"

## ભરૂચમાં વિજયાદશમી કાર્યક્રમમાં રાજપૂત અગ્રણીઓનો અનુરોધ



ભરૂચ : ગુજરાત રાજપૂત હિતવર્ધન મંડળ ભરૂચ દ્વારા વિજયાદશમીના પવિત્ર દિવસે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના 55 તેજસ્વી તારલાઓનું અગ્રણીઓના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજપૂત આગેવાનોએ જણાવ્યું કે આપણી સંસ્કૃતિમાં આપનું પરિધાન પહેરવાથી સમાજની પ્રતિષ્ઠા અવશ્ય વધે છે. આજે આપણે ભલે મોર્ડન હોઈએ, તો પણ આપણી પરંપરા માટે રૂઢીચુસ્ત રહેવું પડતું હોય છે અને આપણે બધાએ વિન્ટેજ કોમ્યુનિટી સાચવવી પડશે.કાર્યક્રમમાં શૈલેન્દ્રસિંહ માંગરોલા, ડો. કવિતાબા મુલદ્રરા, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયા, પૂર્વ સાંસદ ભરતસિંહ પરમાર, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મારૂતીસિંહ અટોદરીયા, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલા, પૂર્વ કોંગ્રેસ જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રણા, રાજપૂત હિતવર્ધક મંડળ ભરૂચના પ્રમુખ નરેન્દ્રસિંહ રાજ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વક્તવ્ય આપતા આગેવાનોએ જણાવ્યું કે વિજયાદશમી આખા એશિયા ખંડમાં તમામ લોકો ઉજવે છે, પણ આ ઉત્સવ રાજપૂત સમાજ ઉજવે એ અધિકાર છે. ભારત કે દુનિયાના ઈતિહાસમાં રાજપૂતનો ઈતિહાસ કાઢો તો માત્ર બે પૂંઠા રહી જાય છે, એમ તેમણે ઉમેર્યું હતું. કાર્યક્રમમાં સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વારસીયાના અંબાના દરબારમાં વિજયાદશમી નિમિત્તે ઉત્સવ સાથે માનવસેવાનો સંદેશ અપાયો

વડોદરાઃ વારસિયા વિસ્તારમાં આવેલા મા અંબાના દરબારમાં વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે ભક્તિભાવપૂર્વક વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માતાજીના મહાયજ્ઞ, મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. ધાર્મિક કાર્યક્રમની સાથે સામાજિક જાગૃતિનો ઉમદા સંદેશ પણ આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત ભક્તોને રક્તદાન, ચક્ષુદાન, દેહદાન અને અંગદાનનું મહત્ત્વ સમજાવી માનવસેવાના આ સેવાકાર્યોમાં જોડાવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે "જીવતા જીવ રક્તદાન, મૃત્યુ પશ્ચાત ચક્ષુદાન અને દેહદાન, અંગદાન" નો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. મૃ મંદિરના આચાર્ય સુનીલ મહારાજ દ્વારા કરવામાં આવેલી આ માનવતાલક્ષી પહેલને ઉપસ્થિત અગ્રણીઓએ બિરદાવી હતી. આ કાર્યક્રમમાં વડોદરા ભાજપના પ્રમુખ શ્રી જયપ્રકાશ સોની , વૉર્ડ નંબર 6 ના કોર્પોરેટર પવન હેમનાણી, પૂર્વ કોર્પોરેટર રમેશચંદ્ર પરમાર (રાજા), પૂર્વ કોર્પોરેટર હીરાભાઈ કાંજવાણી, પરષોતમભાઈ હેમનાણી, ગીરધારીલાલ કિશોરાણી, અરવિંદભાઈ પ્રજાપતિ, નિખીલભાઈ પરીખ,લવીણા ચૈનાણી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ધાર્મિક આસ્થા સાથે માનવસેવાનો સંદેશ આપતા આ કાર્યને આવકાર્યું હતું.



